|

જા.નં.જિપં/મકમ-૨/વશી/૧૩૧ થી ૧૪૬/૨૦૨૫
જિલ્લા પંચાયત કચેરી,સેકટર-૧૭,
જિ.ગાંધીનગર.તા.૨૧/૦૨/૨૦૨૫

**વંચાણે લીધું :-**

(૧) જિલ્લા કક્ષાએ તા.૨૪/૧૦/૨૦૨૪ ના રોજ મળેલ નવીન બઢતી સમિતિની કાર્યવાહી નોંધ.
(૨) ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ,ગાંધીનગરના તા.૧૫/૦૧/૨૦૨૫ ના પત્ર નં.સીબી-૨/ પી.આર./બી-૪૯/૨૪-૨૫/ગાંધીનગર/૧૨૨ થી૧૨૪

**આદેશ :-**

આમુખના ક્રમાંક :-(૧) અન્વયે નીચે જણાવેલ સીનીયર કલાર્ક સંવર્ગના કર્મચારીશ્રીઓને નાયબ ચીટનીસ સંવર્ગમાં બઢતી આપવા નવીન બઢતી સમિતિ દ્વારા ભલામણ કરવામાં આવેલ છે.

આમુખના ક્રમાંક :-(૨) અન્વયે ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા નીચે જણાવેલ સીનીયર કલાર્ક સંવર્ગના કર્મચારીશ્રીઓને સીનીયર કલાર્ક સંવર્ગ (વર્ગ-૩)માંથી નાયબ ચીટનીસ સંવર્ગ (વર્ગ-૩)માં બઢતી આપવા અંગેની અત્રેની કચેરીની દરખાસ્તને સંમતિ આપેલ છે.

વાસ્તે :-આમુખના ક્રમાંક :-(૧) ના અનુસંધાને આમુખના ક્રમાંક :-(૨) અન્વયે ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા સંમતિ આપેલ સીનીયર કલાર્ક સંવર્ગના કર્મચારીશ્રીઓને સીનીયર કલાર્ક સંવર્ગ (વર્ગ-૩)માંથી નાયબ ચીટનીસ સંવર્ગ (વર્ગ-૩)માં આર.ઓ.પી.રૂલ્સ-૨૦૧૬ ના પગાર ધોરણ રૂ.૩૫૪૦૦-૧૧૨૪૦૦, લેવલ નં.૬ માં તદન હંગામી અને કામચલાઉ ધોરણે નીચે જણાવેલી શરતોને આધીન બઢતી આપી તેઓના નામ સામે દર્શાવેલ જગ્યાએ નાયબ ચીટનીસ તરીકે નિમણુંક આપવા અંગેનો આથી આદેશ કરવામાં આવે છે.

| અ.નં. | પ્ર.ક્રમ | કર્મચારીનું નામ | હાલની ફરજનું સ્થળ | બઢતીથી નિમણુંકનું સ્થળ |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | ૧૬૩ | શ્રી એમ.પી.ચાવડા | શિક્ષણ શાખા,જિલ્લા પંચાયત, ગાંધીનગર | ખેતીવાડી શાખા, જિ.પં.ગાંધીનગર (પ્રમુખશ્રીના કાર્યાલય ખાતે કામગીરી કરવાની રહેશે.) |
| ૨ | ૧૭૯ | શ્રી બી.કે.પટેલ | શિક્ષણ શાખા,જિલ્લા પંચાયત, ગાંધીનગર | વિકાસ-૧ શાખા, જિલ્લા પંચાયત,ગાંધીનગર |
| ૩ | ૧૮૧ | શ્રી એમ.બી.પટેલ | મા.મ.પંચાયત પેટા વિભાગ તા.દહેગામ,જિ.ગાંધીનગર | તાલુકા પંચાયત કચેરી, તા.કલોલ,જિ.ગાંધીનગર |
| ૪ | ૧૮૨ | શ્રી એ.એમ.વાઘેલા | આરોગ્ય શાખા,જિલ્લા પંચાયત, ગાંધીનગર | તાલુકા પંચાયત કચેરી, તા.માણસા,જિ.ગાંધીનગર |
| ૫ | ૧૮૩ | શ્રી બી.સી.જાદવ | ખેતીવાડી શાખા,જિલ્લા પંચાયત, ગાંધીનગર | મહેસુલ-૨ શાખા, જિલ્લા પંચાયત,ગાંધીનગર |

**શરતો :-**

(૧) આ બઢતી તદન કામચલાઉ અને હંગામી ધોરણે આપવામાં આવે છે.
(૨) વહીવટી કારણોસર કે સરકારશ્રીની નીતિના કારણે અગર કરકસરના કારણે જગ્યામાં ઘટ થશે તો વર્ગ પરત હટાવવામાં આવશે અને આ અંગે કોઈ હકક દાવો માન્ય રાખવામાં આવશે નહી.
(૩) આ બઢતીનો અસ્વીકાર કરનાર કર્મચારીને આપેલ ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ રદ કરવામાં આવશે.

(૪) સરકારશ્રી તરફથી બઢતી બાબતે વખતોવખત નકકી થયેલાં નિયમો/ઠરાવો/પરિપત્રોની જોગવાઈઓ બંધનકર્તા રહેશે.

(૫) સદરહુ બઢતી પામેલ કર્મચારીઓએ સદરહુ હુકમની તારીખથી અમલ કરવાનો રહેશે તથા કોલમ નં.(૫) મુજબની સંબંધિત કચેરી દ્વારા બઢતીના નિયમોનુસાર મળવાપાત્ર પગાર ધોરણ મુજબ પગાર નિયત કરવાનો રહેશે

(૬) ઉપરોક્ત કર્મચારીશ્રીઓ પૈકી જેઓને બઢતી પહેલાં નાયબ ચીટનીસ (વર્ગ–૩) સંવર્ગનું ઉચ્ચત્તર પગાર ધોરણ મળી ગયેલ હોય તેઓની પુનઃ પગાર બાંધણી કરવાની રહેશે નહી.

(૭) સંબંધિત સંવર્ગના ભરતી નિયમોની જોગવાઈ મુજબ બઢતી પામેલ કર્મચારીએ સરકારશ્રી ઠરાવે તેવી તાલીમ,ઠરાવે તેટલી મુદત માટે લેવાની રહેશે અને ઠરાવે તેવી તાલીમ પછીની પરીક્ષા પાસ કરવાની રહેશે તથા સરકારશ્રી ઠરાવે તેવી હિન્દી અથવા ગુજરાતી અથવા તે બંને પરીક્ષા પાસ કરવાની રહેશે.

ઉપરોક્ત કર્મચારીશ્રીઓને તેમની બઢતીવાળી જગ્યાએ હાજર થવા તાત્કાલિક અસરથી છુટા કરવાના રહેશે.

સદર આદેશની નોંધ સંબંધિત કર્મચારીશ્રીની સેવાપોથીમાં કરવાની રહેશે.

જિલ્લા વિકાસ અધિકારી
૨૧/૨/૨૫
જિલ્લા પંચાયત,ગાંધીનગર

પ્રતિ,
સંબંધકર્તા કર્મચારીશ્રી,
જિલ્લા પંચાયત કચેરી,જિ.ગાંધીનગર.

<u>નકલ રવાના અને મારફતે</u> :–

(૧) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,જિલ્લા પંચાયત કચેરી,જિ.ગાંધીનગર તરફ જાણ તથા અમલ કરવા સારૂ.
(૨) જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી,જિલ્લા પંચાયત કચેરી,જિ.ગાંધીનગર તરફ જાણ તથા અમલ કરવા સારૂ.
(૩) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી,જિલ્લા પંચાયત કચેરી,જિ.ગાંધીનગર તરફ જાણ તથા અમલ કરવા સારૂ.
(૪) નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી,મા.મ.પંચાયત પેટા વિભાગ,તા.દહેગામ તરફ જાણ તથા અમલ કરવા સારૂ.

<u>નકલ જવાબારત સહ રવાના</u> :–

સચિવશ્રી,ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ,ગાંધીનગર તરફ જાણ સારૂ.

<u>નકલ રવાના</u> :–

(૧) નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી,(મહેકમ–૧)જિલ્લા પંચાયત કચેરી,ગાંધીનગર તરફ જાણ તથા અમલ કરવા સારૂ
(૨) નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી,(વિકાસ)જિલ્લા પંચાયત કચેરી,ગાંધીનગર તરફ જાણ સારૂ.
(૩) નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી,(મહેસુલ)જિલ્લા પંચાયત કચેરી,ગાંધીનગર તરફ જાણ સારૂ.
(૪) તાલુકા વિકાસ અધિકારીશ્રી,તાલુકા પંચાયત કચેરી,તા.કલોલ,જિ.ગાંધીનગર તરફ જાણ સારૂ તથા અમલ કરવા સારૂ
(૫) તાલુકા વિકાસ અધિકારીશ્રી,તાલુકા પંચાયત કચેરી,તા.માણસા,જિ.ગાંધીનગર તરફ જાણ સારૂ તથા અમલ કરવા સારૂ
(૬) અંગત મદદનીશશ્રી,પ્રમુખશ્રીનું કાર્યાલય,ગાંધીનગર તરફ જાણ સારૂ.